# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **પ્રયાગરાજના ત્રિવેણી સંગમની ભાગદોડમાં રાજ્યના એક શ્રદ્ધાળુના મોત બાદ અરવલ્લી સહિતના રાજ્યના અન્ય વિસ્તારોમાંથી શ્રધ્ધ્ધાળુઓ મહાકુંભમાં  સહી સલામત**
2. **રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી તુવેર પાકની પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયાના ટેકાના ભાવે ખરીદી કરાશે.**
3. **રાજ્યની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરનાર એક હજાર 157 આરોપીઓને પાસા હેઠળ જેલમાં ધકેલાયા**
4. **આજે શહીદ દિન નિમિત્તે અમદાવાદ સહિત રાજ્યભરમાં બે મિનિટનું મોન પાળવામાં આવશે.**
5. **ગુજરાતના ધ્રુવ પટેલે 91મી નેશનલ સ્નૂકર ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીત્યું.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ARVALLI – MAHA KUMBH MELO

**પ્રયાગરાજના મહાકુંભમેળામાં મૌની અમાસને દિવસે કુંભમાં વધુ પડતી ભીડ કારણે થયેલ દૂર્ઘટનામાં 30 લોકોના મોત નિપજ્યા અને અનેક લોકોને ઈજા પહોંચી હતી.**

**અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, મહાકુંભમાં ભાગદોડની ઘટના બાદ, અરવલ્લીના તમામ લોકો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે જ મોડાસાથી પ્રયાગરાજ ખાતે પહોંચેલા શ્રદ્ધાળુ મોડાસા ઉમિયા મંદિરના મહંત વિષ્ણુ પ્રસાદ શાસ્ત્રીએ માહિતી આપી હતી.**

## (બાઈટ – વિષ્ણુ પ્રસાદ શાસ્ત્રી)

જ્યારે મળી રહેલા અહેવાલ અનુસાર રાજ્યના અન્ય વિસ્તારમાંથી મહાકુંભમાં ગયેલા શ્રદ્ધાળુઓ સલાતમ છે.

# MORARIBAPU SHRADHANJALI

**મહાકુંભમાં ભાગદોડમાં મોતને ભેટેલા લોકોને રામકથાકાર મોરારિબાપુએ શ્રધ્ધાંજલિ અર્પી છે.**

**રામકથાકાર મોરારીબાપુએ આ ઘટનામાં મૃત્યુ પામનારાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે. મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજારની સહાયતા રાશિ પણ અર્પણ કરી છે.**

# TUVER KHARIDI

**રાજ્ય સરકાર, ખેડૂતો પાસેથી તુવેર પાકની પ્રતિ ક્વિન્ટલ સાત હજાર 550 રૂપિયાના ટેકાના ભાવે ખરીદી કરશે.**

તુવેરની ખરીદી માટે રાજ્યભરમાં 206 ખરીદ કેન્દ્ર સૂચિત કરાયા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે હેતુથી કૃષિમંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

ખેડૂતો આગામી ત્રણથી 20 ફેબ્રુઆરી સુધી ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર ઑનલાઈન તેમ જ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી VCE એટલે કે, ગ્રામ કમ્પ્યુટર સાહસિક મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પૉર્ટલ પર વિનામૂલ્યે નોંધણી કરાવી શકશે.

## CM COMENWEALTH GAMES PRESIDENT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ ક્રિસ જેન્કીન્સે ગાંધીનગરમાં મુલાકાત દરમિયાન રમતગમત ક્ષેત્રના ભાવિ વિકાસ અને આગામી સમયમાં યોજાનારા ઇન્ટરનેશનલ સ્પોર્ટસ ઇવેન્ટ અંગે ચર્ચા થઇ હતી

રાજ્યમાં ખેલ મહાકુંભ તથા ખેલો ઇન્ડિયા જેવા આયોજન સફળતાપૂર્વક પાર પડ્યા છે તે અંગે પણ કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટને મુખ્યમંત્રીએ માહિતગાર કર્યા હતા.

મુખ્યમંત્રીએ ગુજરાત ૨૦૨૫માં કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ્સ તેમજ ૨૦૨૮માં અંડર ૨૦ એથલેટીક્સ ચેમ્પિયનશિપ્સ અને ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક રમત સ્પર્ધાઓના આયોજન માટે સજ્જ થઈ રહ્યું છે તે અંગે પણ વાતચીત કરી હતી.

# PASA ATKAYAT VOICECAST

રાજ્યની પોલીસ રાજ્યમાં શાંતિને ડહોળવાનો પ્રયાસ કરતા અને નિર્દોષ નાગરિકોને હેરાન કરતા અસામાજિક તત્વો સામે કડક પગલાં લઈ રહી છે. રાજ્યની પોલીસે ત્રણ વર્ષમાં પાસા હેઠળ એક હજાર 157 આરોપીઓને કાયદાના પાઠ ભણાવાયા છે.

સાંભળીએ એક અહેવાલ.

## (વૉઈસકાસ્ટ- પ્રવેશ અડિએચા)

<u>રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા રાજ્ય પોલીસ દ્વારા મહત્વની કાર્યવાહી થઈ રહી છે. વર્ષ 2022થી 2024 દરમિયાન પાસા એટલે કે, પ્રિવેન્શન ઑફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ હેઠળ રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં એક હજાર 157 આરોપીઓની અટકાયત કરી તેમને ગુનાખોરીના રસ્તે ફરી ન વળવાની સમજ આપવામાં આવી છે. આ પહેલનો હેતુ એવા ગુનેગારો પર નજર રાખવાનો છે, જેઓ અગાઉ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા. ઉપરાંત આ ગુનેગારોને ફરીથી ગુનાખોરીના માર્ગે જતા અટકાવવાનો છે.</u>

## <u>(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)</u>

# KARUNA ABHIYAN BIRDS

ઉત્તરાયણ પર્વ દરમિયાન રાજ્ય સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી "કરૂણા અભિયાન" અંતર્ગત હજારો પક્ષીઓને તાત્કાલિક સારવાર આપીને બચાવી લેવામાં આવ્યા છે.

પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલઃ

## (VOICE CAST ANIL PATEL)

કરૂણા અભિયાન અંતર્ગત આ વર્ષે ઉત્તરાયણ દરમિયાન કુલ ૧૭ હજારથી વધુ પક્ષીઓને તાત્કાલિક સારવાર આપીને ૧૫,૫૭૨ જેટલા પક્ષીઓને જીવનદાન આપવામાં આવ્યું છે. આમ, ઇજાગ્રસ્ત પશુ પક્ષીઓમાંથી 91 ટકાને જીવતદાન મળ્યું છે.

અગ્ર મુખ્ય વન સંરક્ષક- વન્યજીવ કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે કે સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં આશરે ૬ હજાર ૬૯૫, સુરતમાં પાંચ હજાર ૧૭૮, રાજકોટમાં ૯૨૦, વડોદરા જિલ્લામાં ૮૯૪ સહિત વિવિધ જિલ્લાઓમાંથી પશુ-પક્ષીઓને તાત્કાલિક સારવાર દ્વારા બચાવી લેવાયા હતા, જેમાં મુખ્યત્વે કબૂતર, સમડી, કાગડો, પોપટ, બગલા સહિતનાં ૫૧ થી વધુ પશુ-પક્ષીઓનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં વર્ષ-૨૦૧૭થી ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રતિ વર્ષ તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી પતંગ દોરાથી પશુ-પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા અને સારવાર આપવા માટે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવે છે.

અનિલ પટેલ, આકાશવાણી સમાચાર, અમદાવાદ

# LEPROSY AWARENESS CAMPAIGN

રાજ્યભરમાં આજથી 13મી ફેબ્રુઆરી સુધી ચાલનારા ‘સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન’ દરમિયાન નાગરિકોમાં રક્તપિત્ત અંગે જાગૃતિ લાવવા માટે કામગીરી કરાશે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રક્તપિત્ત જાગૃતિ અભિયાન, આંતરિયાળ વિસ્તારમાં તપાસ અભિયાન, દર મહિને ત્રીજા શુક્રવારે સરવે જેવી વિશેષ ઝૂંબેશ હાથ ધરીને સઘન કામગીરી કરવામાં આવે છે.

ડિસેમ્બર 2024 સુધીમાં 12 જેટલા જિલ્લાઓમાં દાહોદ, મહીસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકાથી ઓછું થયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# STATE WEATHER

હવામાન વિભાગે આગામી બીજી અને ત્રીજી ફેબ્રુઆરીએ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરી છે.

અમરેલી પંથકમાં શિળાયું પાક તરીકે ઘઉં અને ચણાનું મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. આકરી ઠંડી રવિ પાક માટે ખુબ સાનુકુળ હોય છે. પરંતુ માવઠાની આગાહીના પગલે કેરીનો પાક લેનાર ખેડૂતોને ચિંતા વધી છે.

આ અંગે હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)

# SHAHID DEEN

આજે શહીદ દિન નિમિત્તે દેશભરમાં સવારે ૧૧ કલાકના ટકોરે બે મિનીટ મૌન પાળી દેશ માટે પ્રાણની આહૂતિ આપનાર વીરોનું ઋણ અદા કરાશે.

સમગ્ર દેશમાં સવારે 11 વાગે કામકાજ અને વાહન વ્યવહારની ગતિને બે મિનીટ માટે સ્થગિત કરી મૌન પાળવા અપીલ કેન્દ્રિય ગૃહ મંત્રાલયે કરી છે.

જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય, ત્યાં સવારે ૧૦-૫૯ કલાકે એક મિનીટ માટે એટલે કે, ૧૧ કલાક સુધી સાયરન વગાડી તથા તોપ ફોડવામાં આવશે.

શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ અને કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકત્વ્ય, સંવાદ વગેરેનું આયોજન પણ કરાયું છે..દેશને અનેક સંઘર્ષ બાદ મળેલી સ્વતંત્રતાનું મહત્વ નવી પેઢીને સમજાય અને રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત કરવા પ્રયાસ હાથ ધરાયો છે.

# NATIONAL SNOKER

ગુજરાતના ધ્રુવ પટેલે ઈન્દોરની યશવંત ક્લબ ખાતે યોજાયેલી 91મી નેશનલ સ્નૂકર ચેમ્પિયનશિપમાં ટાઈટલ જીત્યું. ધ્રુવે ચંડીગઢના રણવીર દુગ્ગલને 4-3થી હરાવ્યો હતો.

આ અગાઉ ટૂર્નામેન્ટમાં અનાયા પટેલે ગર્લ્સ સ્નૂકરનું ટાઈટલ જીત્યું હતું. ભવ્યા પિપલિયાએ સબજુનિયર સ્નૂકર અને બિલિયડર્સમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

# SWIMING BRONZE MEDAL

38મી નેશનલ ગેમ્સમાં ગુજરાતે સ્વિમિંગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. ઉતરાખંડમાં યોજાયેલી 38મી નેશનલ ગેમ્સમાં ટીમ ગુજરાતે પુરુષોની 400 મીટરની ફ્રી સ્ટાઈલ રીલેમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.